**અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિવિધ પરીક્ષાઓની પૂર્વતૈયારી માટે તાલીમ આપવા માટેની યોજનાઓમાં સુધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-અજાક/૧૦૨૦૧૯/૧૮૮૭૦૩(૫૭૧)/ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૦૩/૧૨/૨૦૧૯

**વંચાણે લીધા :** -

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૫/૦૮/૨૦૧૯ અને તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ-૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૧૪/ન.બા-૭૯/ગ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૪/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૨૦૧૬/ન.બા-૨૫/ગ

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૮/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૧૪/ન.બા-૭૬/ગ

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૬/૦૮/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ અજાક/ગ-૧/૮/૨૦૧૯/૧૧૮૨૫

(૬) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૬-૦૮-૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ અજાક/ગ-૧/૮/૨૦૧૯/૧૧૮૨૬

(૭) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૬-૦૮-૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ અજાક/ગ-૧/૮/૨૦૧૯/૧૧૮૨૭

**પ્ર સ્તા વ ના :** -

વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના તા.૦૬/૦૮/૨૦૧૪ના ઠરાવથી અનુસૂચિત જાતિના ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ NEET, JEE, PMT, ગુજકેટ, અને જીસેટની પરીક્ષામાં સારો દેખાવ કરી શકે તે માટે પરીક્ષાની પુર્વ તૈયારી માટે કોચીંગ સહાય આપવાની યોજના અમલમાં છે.

વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના તા.૧૧/૦૪/૨૦૧૭ના ઠરાવથી ભરતી પરીક્ષાઓની પુર્વ તૈયારી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોચિંગ આપવા માટે કોચીંગ સેન્ટર શરૂ કરવા માટેની યોજના અમલમાં છે.

વંચાણે લીધેલ ક્રમાંક:(૩) પરના તા.૦૮/૦૮/૨૦૧૪ના ઠરાવથી કેન્દ્રિયકૃત સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે તથા કેન્દ્રિયકૃત ભરતી પરીક્ષાઓની પુર્વ તૈયારી માટે PPP મોડમાં કોચીંગ સેન્ટર શરૂ કરવા માટેની યોજના અમલમાં છે.

વંચાણે લીધેલ ક્રમાંક:(૨) (૩)અને(૪) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૬/૦૮/૨૦૧૯ના પત્રોથી સદરહું યોજનાઓમાં પસંદ થયેલ સંસ્થાઓમાં કોચીંગ મેળવતા અનુસૂચિત જાતિના તાલીમાર્થીઓને તાલીમાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચુકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછુ હોય તેટલી કોચીંગ સહાય સીધી સહાય(ડી.બી.ટી) તરીકે ચુકવવામાં આવે તે મુજબનો સુધારો કરવાની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ : -

પુખ્ત વિચારણાના અંતે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિવિધ પરીક્ષાઓની પૂર્વતૈયારી માટે તાલીમ સહાય આપવા માટે અમલમાં રહેલ યોજનાઓ.

(૧) અનુસૂચિત જાતિના ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ NEET, JEE, PMT, ગુજકેટ, અને જીસેટની પરીક્ષામાં સારો દેખાવ કરી શકે તે માટે પરીક્ષાની પુર્વ તૈયારી માટે કોચીંગ સહાય આપવાની યોજનાના તા.૦૬/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૧૪/ન.બા-૯/ગ ની શરત નં-(૨) (૩) અને (૪) રદ કરીને નીચે દર્શાવ્યા મુજબનો સુધારો કરવામાં આવે છે.

(૨) યુ.પી.એસ.સી/ જી.પી.એસ.સી/ સ્ટેટ કમિશન/ બેંક/ એલ.આઇ.સી/ ગૌણ સેવા પસંદગી મંડળ/ જિલ્લા પંચાયત પસંદગી મંડળ દ્વારા લેવાતી વર્ગ-૧, ૨ અને ૩ ની રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારની તમામ ભરતી પરીક્ષાઓની પુર્વતૈયારી માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોચિંગ આપવા માટે કોચીંગ સેન્ટર શરૂ કરવા માટેની યોજનાના તા.૧૧/૦૪/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ/ ૧૦૨૦૧૬/ન.બા-૨૫/ગમાં નીચે દર્શાવ્યા મુજબની શરતનો ઉમેરો કરવામાં આવે છે.

(૩) કેન્દ્રિયકૃત સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે તથા કેન્દ્રિયકૃત ભરતી પરીક્ષાઓની પુર્વ તૈયારી માટે PPP મોડમાં કોચીંગ સેન્ટર શરૂ કરવા માટેની યોજનાના તા.૦૮/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ /૧૦૧૪/ન.બા-૭૬/ગની શરત નં-(૩) અને (૪) રદ કરીને નીચે દર્શાવ્યા મુજબનો સુધારો આથી બહાર પાડવામાં આવે છે.

સુધારો / ઉમેરો :

" પસંદ થયેલ સંસ્થામાં કોચીંગ મેળવતા અનુસૂચિત જાતિના તાલીમાર્થીઓને તાલીમાર્થી દીઠ વાર્ષિક રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચુકવવાની થતી ફી એ બે માંથી જે ઓછી હોય તે સીધી સહાય(ડી.બી.ટી) તરીકે તાલીમાર્થીઓના બેંક ખાતામાં જમા કરી ચુકવવામાં આવે."

સદરહું યોજનાઓ અંતર્ગત વિવિધ પરીક્ષાઓની પૂર્વતૈયારી માટે તાલીમ આપવા માટેની અમલિત યોજનાઓમાં સંસ્થાઓની પસંદગી અંગે નીચે મુજબના ધારા ધોરણો ધ્યાને લેવાના રહેશે.

(૧) સંસ્થા ત્રણ વર્ષ કરતાં વધારે અનુભવ ધરાવતી હોવી જોઇશે.

(૨) સંસ્થા GST નંબર ધરાવતી હોવી જોઇશે.

(૩) સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની હાજરી માટે બાયોમેટ્રીક (ફીંગર પ્રિંટ) મશીન હોવું જોઇએ તેમજ સંસ્થાએ સમગ્ર કોર્ષ દરમ્યાનની હાજરીની વિગતો નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીને મોકલવાની રહેશે.

(૪) સંસ્થા અન્ય સરકારી ધારા ધોરણોનું પાલન કરતી હોવી જોઇએ.

(૫) આ યોજનામાં પારદર્શકતા જળવાય તે માટે સદરહું યોજનાના લાભાર્થીઓને આધાર નંબર સાથે લીંક કરવાના રહેશે.

સદરહું યોજનાઓ અંતર્ગત તાલીમાર્થીઓએ તાલીમ પૂરી કર્યાનું નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીએ સુનિશ્ચિત કરવાનું રહેશે. તેમજ સદરહું યોજનાઓ માટેની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૦/૦૯/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.અ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી (અ.જા.ક.) મારફત)